જીઆઇડીસી/પોલિસી/હિસાબ/નાણા/૩૨
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ
ઉદ્યોગ ભવન, ગાંધીનગર
તા: ૦૪/૦૯/૨૦૨૧

**વિષય:**- નિગમ દ્વારા વસુલ કરવામા આવેલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન ફંડ બાબતે વિવિધ એશોશિએશન દ્વારા કરવામા આવેલ રજુઆત બાબત.

**વંચાણે લીધુ:**

(૧) નિગમની ૪૪૦ સભાનો ઠરાવ ક્રમાંક: ૧૩૧/હિસાબ/નાણા/વસુ/૪૪૦
(૨) નિગમની ૪૪૬મી સભાનો ઠરાવ ક્રમાંક: ૧૮/વસુલાત/૪૪૬/૨૦૧૦
(૩) નિગમની ૪૪૯મી સભાનો ઠરાવ ક્રમાંક: ૮૯/વસુલાત/૪૪૯/૨૦૧૦
(૪) નિગમની ૪૫૦મી સભાનો ઠરાવ ક્રમાંક: ૧૧૦/વસુલાત/૪૫૦/૨૦૧૦
(૫) પરિપત્ર ક્રમાંક: જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વસુલાત/૨૦૦૯-૧૦/૦૫ તા: ૦૮-૦૨-૨૦૧૦
(૬) પરિપત્ર ક્રમાંક: જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વસુલાત/૨૦૦૯-૧૦/૨૯ તા: ૦૯-૦૭-૨૦૧૦
(૭) પરિપત્ર ક્રમાંક: જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વસુલાત/૨૦૦૯-૧૦/૩૫ તા: ૦૭-૦૯-૨૦૧૦
(૮) નિગમની ૫૦૮મી સભાનો ઠરાવ ક્રમાંક: ૪૮/હિસાબ/૫૦૮ તા: ૨૨/૦૯/૨૦૨૦
(૯) પરિપત્ર ક્રમાંક: જીઆઇડીસી/પોલીસી/હિસાબ/નાણા/૩૬ તા: ૨૯/૧૦/૨૦૨૦
(૧૦) સરક્યુલેટીંગ એજન્ડા તથા ઠરાવ ક્રમાંક: ૦૨/હિસાબ/નાણા/૨૦૨૧ તા: ૦૫/૦૮/૨૦૨૧

## //પરિપત્ર//

નિગમ દ્વારા વિકસાવવામા આવેલ વસાહતોના આધુનિકરણ તથા મેઇન્ટેનન્સ માટે નિગમના બોર્ડ ૪૪૬મી સભામા ઠરાવ ક્રમાંક: ૧૮/વસુલાત/૪૪૬/૨૦૧૦થી નિગમના ફાળવણીદારો પાસેથી રૂ. ૫/- પ્રતિ ચો.મી લેખે વસુલાત કરી ઇન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન ફંડ (IUF)ની રચના કરવા નિર્ણય કરેલ. આ રકમ પૈકી રૂ. ૨/- પ્રતી ચો.મી. સંબધિત ઔદ્યોગિક વસાહત મંડળ/નોટીફાઇડ એરીઆને નિભાવણી ફંડ પેટે ફાળવવા અને બાકીના રૂ. ૩/- પ્રતી ચો.મી. વસાહતના કામ જેમ કે. સી.આઇ.પી. વગેરે માટે નિગમે આપેલા ફાળા પેટે નિગમે રાખવા તે મુજબનો નિર્ણય કરવામા આવેલ. આ અંગેનો પરિપત્ર નિગમ દ્વારા તા: ૦૮/૦૨/૨૦૧૦ ના રોજ જારી કરવામા આવેલ છે. સદર નિર્ણયની અમલવારી સંદર્ભે નિગમની ૫૦૮મી સભામા થયેલ નિર્ણય મુજબ CIP/AII પ્રોજેક્ટ્સની રકમની વસુલાત બાબતે સંદર્ભ-૯ મુજબના તા: ૨૯/૧૦/૨૦૨૦ના પરિપત્રથી સુચનાઓ જારી કરવામા આવેલ છે.

ઉપરોક્ત મુજબની અમલવારી સંદર્ભે FIA અને વિવિધ ઔદ્યોગિક વસાહત મંડળો દ્વારા ગુજરાત ઔ. નિતિ-૨૦૦૩ અંતર્ગતની સી.આઇ.પી યોજના હેઠળ મંજુર થયેલ પ્રોજેક્ટ્સમા ના નિગમ દ્વારા આપેલ ફાળો નિગમ દ્વારા સહાય/અનુદાન રૂપે આપેલ હોઇ તેની વસુલાત કરવાની રહેતી નથી તે અંગેની સ્પષ્ટતા તા: ૨૯/૧૦/૨૦૨૦ના પરિપત્રમા થતી ન હોવાની રજુઆત કરવામા આવેલ. જે અંગે નિગમના નિયામક મંડળ સમક્ષ સંદર્ભદર્શિત-૧૦ થી સરક્યુલેટિંગ એજન્ડા જરુરી નિર્ણય/સ્પષ્ટતા અર્થે સાદર કરવામા આવેલ. જે અંગે

નિગમના નિયામક મંડળ દ્વારા અગાઉ નિગમ દ્વારા વિવિધ પ્રોજેક્ટની આપેલ મંજુરી ધ્યાને લઇ કરેલ નિર્ણય અનુસાર નીચેની સુચના/સ્પષ્ટતાઓ પરિપત્રિત કરવામા આવે છે.

(૧) ઔદ્યોગિક પોલીસી-૨૦૦૩ અંતર્ગતની ક્રીટીકલ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટ (સી.આઈ.પી.) યોજના હેઠળ હાથ ધરવામા આવેલ પ્રોજેક્ટ્સ અંતર્ગત સરકારશ્રી ના ફાળા ઉપરાંત નિગમ દ્વારા ફાળવવામા આવેલ રકમ જે તે સમયે નિગમના બોર્ડ દ્વારા નિયત કરેલ નાણાકિય મર્યાદામા સહાય/અનુદાન સ્વરૂપે મંજુર કરેલ હોઇ તેની વસુલાત આઇ.યુ એફ. માથી કરવાની રહેશે નહી.

(૨) ઔદ્યોગિક પોલીસી-૨૦૦૯ અંતર્ગતની ક્રીટીકલ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટ (સી.આઈ.પી) યોજના હેઠળ હાથ ધરવામા આવેલ પ્રોજેક્ટ્સ અંતર્ગત સરકારશ્રી ના ફાળા ઉપરાંત નિગમ દ્વારા ફાળવવામા આવેલ રકમ નિગમના તા: ૦૮/૦૨/૨૦૧૦ ના પરિપત્ર મુજબ રૂ. ૫/- પ્રતિ ચો.મી. પેટે વસુલ થયેલ "ઇંફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન ફંડ" પૈકી રૂ. ૩/- ની વસુલાતમાથી નિગમે રાખવાના રહેશે.

(૩) નિગમ દ્વારા હાથ ધરવામા આવેલ ઉપરોક્ત પ્રોજેક્ટ્સમા થયેલ ખર્ચ પેટે એશોસિએશનના ફાળાની વણવસુલાયેલ રકમ નિગમના તા: ૦૮/૦૨/૨૦૧૦ ના પરિપત્ર મુજબ વસુલ થયેલ "ઇંફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન ફંડ" પૈકી રૂ. ૨/- લેખે ઔદ્યોગિક વસાહત મંડળ /નોટીફાઇડ એરિયાને ફાળવવાની થતી ઉપલબ્ધ રકમમાથી સરભર કરી બચત રકમ સંબંધિત ઔદ્યોગિક વસાહત મંડળ /નોટીફાઇડ એરિયાને નિભાવણી ફંડ પેટે ફાળવી આપવાની રહેશે.

(૪) નિગમની ૫૦૮મી સભામા લેવાયેલ નિર્ણય મુજબ રિફંડ/વસુલાતની રકમ પર વ્યાજની વસુલાત કરવાની રહેશે નહી.

(૫) સંબંધિત કચેરી દ્વારા તેઓના તાબા હેઠળના તમામ વસાહતો માટે ઉપરોક્ત મુજબની ગણતરી આ પરિપત્ર જારી થયાના ૧૦ દિવસમા પુર્ણ કરી તે અંગેનો અહેવાલ વડી કચેરીએ રજુ કરવાનો રહેશે.

ઉપરોક્ત પરિપત્રની અમલવારી અંગે કોઇ પ્રશ્ન ઉદભવે તો વડી કચેરી ખાતે મુખ્ય હિસાબી અધિકારીશ્રીનો સંપર્ક કરવાનો રહેશે.

સહી/-
ઉપાધ્યક્ષ તથા વહિવટી સંચાલક
જી.આઇ.ડી.સી, ગાંધીનગર

રવાના કર્યુ,

મેનેજર (મહેકમ)
જી.આઇ.ડી.સી, ગાંધીનગર

પ્રતિ,
તમામ અધિકારીશ્રી/કર્મચારીઓ તરફ